Z3R9D5

# 9. ચઢીએ ઊંચાં ચઢાણ !

ફેબ્રુઆરી 2, 1984

**પર્વતારોહણ છાવણી**
**(Mountaineering Camp-માઉન્ટેનિયરીંગ કૅમ્પ)**
**નહેરુ પર્વતારોહણ સંસ્થા, ઉત્તરકાશી**



અમે પર્વતારોહણ છાવણીમાં હતા અને ખૂબ જ ઉત્સાહમાં હતા. અમારામાંથી વીસ કેન્દ્રીય વિદ્યાલયના શિક્ષકો હતા. સાથે થોડી મહિલાઓ બૅન્ક અને બીજી સંસ્થાઓમાંથી હતી.

આજે છાવણીનો બીજો દિવસ હતો. સવારે હું મારી પથારીમાંથી ઊઠી અને પગ નીચે મૂકવા ગઈ ત્યાં તો દર્દથી ચીસ પાડી ઊઠી. મને યાદ આવ્યું ગઈકાલે હું મારી પીઠ પાછળ વજનદાર થેલાઓ સાથે 26 કિમી ચાલી હતી. મને તે સાંકડા, ખરબચડા અને સીધા ચઢાણવાળા રસ્તા પર ફરીથી ચઢવામાં બીક લાગતી હતી.

મારી આંખોમાં આંસુ સાથે મેં બ્રિગેડિઅર જ્ઞાનસિંઘ, જે અમારા સાહસિક પ્રવૃત્તિઓના અભ્યાસક્રમના માર્ગદર્શક હતા તેમના રૂમ તરફ ધીમે-ધીમે જવાનું ચાલુ કર્યું. હું વિચારતી હતી કે આજના દિવસની મુસાફરી માટે હું શું બહાનું કાઢીશ ? અચાનક જ મેં પાછળથી તેમનો ભારે અવાજ સાંભળ્યો.



‘‘મૅડમ, તમે સવારના નાસ્તાના સમયે અહીં શું કરો છો ? ઉતાવળ કરો! નહિ તો તમારે ભૂખ્યા પેટે મુસાફરી કરવી પડશે.’’

‘‘સાહેબ, સાહેબ...’’ હું તેનાથી વધુ ના બોલી શકી.

‘‘તમારા પગમાં ફોલ્લાં પડ્યાં છે, તમે ચાલી નહિ શકો. તમે આ જ કહેવા આવ્યાં હતાં, ખરું ને ?’’

‘‘હા, સાહેબ.’’

‘‘આમાં કંઈ નવું નથી. હવે ઝડપથી તૈયાર થઈ જાઓ.’’



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

હું વીલા મોઢે તૈયાર થવા માટે ભાગી. હું જવા માટે પાછળ ફરી ને મેં તેમનો અવાજ ફરી સાંભળ્યો, ''સાંભળો, મૅડમ. તમે જૂથ સાતના નાયક છો. તમારે જેને ચઢવામાં મુશ્કેલી હોય તેઓને મદદ કરવાની રહેશે. તમને પહેલાંથી પર્વતારોહણમાં જૂથનાયકની જવાબદારીઓ (responsibilities-રિસ્પોન્સિબિલિટીસ) જણાવવામાં આવેલી છે.





T6C4U2

**કહો :**

- તમે ક્યારેય પર્વતો જોયા છે ? તમે ક્યારેય પર્વત પર ચઢ્યા છો ? ક્યાં અને ક્યારે ?
- એકધારું તમે કેટલે દૂર સુધી ચાલ્યા છો ? તમે કેટલે ઊંચે જઈ શકો છો ?



**કલ્પના કરો !**

- તમે પર્વતો પરના રસ્તા વિશે શું જાણો છો ? ચિત્ર દોરો.

## મોટી જવાબદારી

જૂથનાયકે શું કરવાનું હોય, તે વિશે મેં વિચારવાનું ચાલુ કર્યું.

- બીજાને તેમનો સામાન લઈ જવામાં મદદ કરવી.
- જૂથને આગળ જવા દેવું અને જૂથનાયકે પાછળ રહેવું.
- જે લોકો ચઢી ના શકતા હોય, તેઓને મદદ કરવી.
- રોકાણ અને આરામ કરવા સારી જગ્યા શોધવી.
- જેઓની તબિયત સારી ન હોય, તેઓનું ધ્યાન રાખવું.
- જૂથ માટે જમવાની વ્યવસ્થા કરવી.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે બીજાએ કરેલી ભૂલ માટે પણ સજા ભોગવવા તૈયાર રહેવું.

મને સમજાયું કે, અહીં ખાસ પ્રકારની શિસ્ત(discipline-ડિસિપ્લિન) છે. મને વિચાર આવ્યો કે શું છાવણી મારા માટે હજુ પણ આનંદદાયક રહેશે !



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### જૂથ 7

જૂથ 7માં અસમ, મણિપુર, મિઝોરમ, મેઘાલય અને નાગાલૅન્ડની છોકરીઓ હતી. આ જૂથમાં હું એક જ કેન્દ્રીય વિદ્યાલયની શિક્ષિકા હતી. હું મારા જૂથના નવા સભ્યોને મળીને ખૂબ ખુશ હતી. તેમાંના ઘણા હિન્દી સારી રીતે બોલી શકતા ન હતા. અમે એકવીસ દિવસ સાથે રહ્યાં તેમ છતાં મિઝોરમથી આવેલી એક છોકરી ખાનદોન્બી સાથે હું એક વખત પણ વાત ન કરી શકી, તેનું મને દુ:ખ લાગ્યું હતું. તે ફક્ત મિઝો ભાષા બોલે છે. તેમ છતાં અમે અમારા હૃદયથી એકબીજાની નજીક આવતાં હતાં.



**કહો :**

- તમારા વિચારે જૂથનાયકની જવાબદારી શું હોય છે ?
- તમને આવી કોઈ છાવણીના નાયક બનાવવામાં આવે તો તમે શું કરશો ?
- તમારા વર્ગમાં મોનિટરને શું-શું કરવાનું હોય છે ?
- તમને વર્ગ-મોનિટર બનવું ગમે છે ? કેમ ?

### નદી પાર કરવી...

ફેબ્રુઆરી 5, 1984

અમને સવારના નાસ્તામાં વિટામિન 'સી', લોહતત્ત્વની ગોળીઓ અને ગરમ ચોકલેટી દૂધ મળ્યું. આ બધું શક્તિ માટે અને ઠંડીમાં ગરમી જાળવવા માટે આપવામાં આવ્યું. રોજ સવારે અમારી તબીબી તપાસ કરવામાં આવતી. અમે અમારી પટ્ટીઓ બાંધતા અને બાકીના દિવસો ગણતા.



આઠ કિમીની મુસાફરી બાદ અમે એક નદી પાસે પહોંચ્યા. નદી પર એક કાંઠાથી બીજા કાંઠા સુધી જાડું દોરડું બાંધ્યું હતું. દોરડું બંને બાજુથી ખીલા કે 'મેખ' સાથે મજબૂત બાંધેલું હતું. હું થોડી ગભરાતી હતી. મેં વિચારવાનું ચાલુ કર્યું કે જો દોરડું નીકળી જાય તો શું થશે ? હું નદીની પહોળાઈનો અંદાજ લગાવવા પ્રયત્ન કરતી હતી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અમારા પ્રશિક્ષકે પોતાની કમરની આસપાસ દોરડું બાંધ્યું અને તેની પર કડી ભરાવી. પછી તેમણે તે કડી નદી પરથી પસાર થતા જાડા દોરડામાં પરોવી. ઠંડા પાણીમાં ચાલતા-ચાલતા તે બીજી બાજુ પહોંચ્યા. ઝડપથી વહેતી નદીમાં જવા કોઈ તૈયાર હતું નહિ. દરેક જણ એકબીજાને પહેલા મોકલવા ધક્કા મારતા હતા. તે હારમાં હું છેલ્લે ઊભી હતી એ આશાએ કે મને કોઈ જોશે નહિ. પણ અમારા પ્રશિક્ષક હાથમાં કડી અને દોરડું લઈ મારી પાસે આવ્યા. મને લાગ્યું કે હવે છટકાશે નહિ. હું તૈયાર થઈ ગઈ, પણ હિંમત ચાલતી ન હતી. સાહેબ મારો ડર જાણી શક્યા નહિ. તેમણે મોટેથી કહ્યું, ''સંગીતા મૅડમ માટે ત્રણ હર્ષનાદ!'' અને મને ખબર પડે તે પહેલાં, કોઈએ મને ધીમેથી પાણીમાં ધક્કો માર્યો.

મને મારા પગ થીજી ગયા હોય એવો અનુભવ થયો. હું ધ્રૂજવા (shivering-શિવરીંગ) લાગી, મારા દાંત કકડવા લાગ્યા. મેં દોરડું પકડ્યું અને મક્કમતાથી મારા પગ નદીના તટ પર મૂક્યા. જેવું પાણીમાં ચાલવાનું ચાલુ કર્યું, નદી ઊંડી થતી હતી અને ધીમે-ધીમે પાણી મારા ગળા સુધી પહોંચી ગયું. નદીની વચ્ચે મારું સંતુલન જતું રહ્યું અને હું લપસવા લાગી. હું ખૂબ જ ડરેલી હતી અને ખૂબ ઠંડી પણ લાગતી હતી. દોરડું મારા હાથમાંથી સરકી રહ્યું હતું. હું મદદ માટે બૂમો પાડવા લાગી.


કલ્યાણી રઘુનાથન

મને લાગતું હતું કે હું નદીમાં તણાઈ જઈશ. પણ ના, મેં જોયું કે હું કડીથી દોરડા સાથે બંધાયેલી હતી. હું અવાજ સાંભળી શકતી હતી. ''દોરડું પકડો, દોરડું પકડો,'' મેં જેમતેમ દોરડું પકડવા પ્રયત્ન કર્યો અને મારી જાતને આગળ ધકેલી. ધીમેથી, થોડી હિંમત સાથે હું નદીકિનારે પહોંચી. હું નદીમાંથી જ્યારે બહાર આવી ત્યારે મને અનહદ ખુશી હતી. પડકારરૂપ કાર્ય પાર પાડવાની ખુશી હતી. હવે કિનારે ઊભી રહીને હું બીજાઓને દોરડું મજબૂતાઈથી પકડવા કહેતી હતી. મને ખબર હતી કે આ આત્મવિશ્વાસ સાથે હિંમતભેર પડકારનો સામનો કરવાનું પરિણામ હતું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



### શોધો અને લખો :



- પર્વતારોહણ કરવા કેવા પ્રકારનાં સાધનો (tools-ટૂલ્સ)ની જરૂર પડે છે ?
- તમે ક્યારેય કડી અને દોરડું બીજા કોઈ કાર્ય માટે ઉપયોગ થતું જોયું છે ? ક્યાં ?
- જો તમારે પર્વત પરની નદી પાર કરવી હોય, તો તમે બીજા કયા ઉપાયો કરી શકો ?
- શા માટે પર્વતો પર આપણને વધારે શક્તિની જરૂર પડે છે ?
- તમે ક્યારેય બીજા કોઈએ સાહસિક (adventurous-ઍડવેન્ચરસ) કામ કર્યું હોય એવું સાંભળ્યું છે ? કયું ?
- તમે ક્યારેય કોઈ સાહસિક કામ કર્યું છે ? જો હા, તો તમારા વર્ગમાં કહો અને તેના વિશે તમારા શબ્દોમાં લખો.

### ખડકો પર ચઢવું

ફેબ્રુઆરી 10, 1984

અમારે ટેકલા ગામ પહોંચવા પંદર કિમી ચાલવાનું હતું. તે ગામ 1600 મીટરની ઊંચાઈએ હતું. અમારી પીઠ પર લટકાવેલા થેલામાં અમારે જરૂરી બધી વસ્તુઓ જેવી કે ખોરાકનાં પડીકાં, પાણીની બૉટલ, દોરડું, કડી, પ્લાસ્ટિક શીટ, ડાયરી, ટોર્ચ, રૂમાલ, સાબુ, કોટ, સિસોટી, ગ્લુકોઝ, ગોળ, ચણા અને બીજો નાસ્તો વગેરે હતાં.



અમે પગથિયાં જેવા ખેતરમાં ફળો અને શાકભાજી વાવેલાં જોઈ શકતા હતા. અમે કર્નલ રામસિંઘને નેવું મીટરની ઊંચાઈએ સપાટ ખડક ઉપર ખીલા અને દોરડા સાથે ઊભેલા જોયા.

અમને પહેલા ખડકનું સાવધાનીપૂર્વક અવલોકન કરવા કહેવામાં આવ્યું અને જ્યાં અમે અમારા હાથ અને પગ મૂકી શકીએ તે જગ્યાઓ ઓળખવા કહેવામાં આવ્યું. આજે હું પીછેહઠ કરવાની નથી. હું હારમાં પ્રથમ જ ઊભી રહી. અમારા પ્રશિક્ષકે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



પોતાની કમરની આજુબાજુ દોરડું બાંધ્યું. કડી બાંધી અને લટકેલું જાડું દોરડું પકડ્યું. તેઓએ દોડતા હોય તેમ ચઢવાનું ચાલુ કર્યું. મેં પણ મારી કડી બાંધી. પણ જેવું મેં મારું પહેલું ડગ ભર્યું ને હું લપસી પડી. અને ત્યાં દોરડાથી હીંચકા ખાવા લાગી.

''ચઢતી વખતે તમારું શરીર 90°ના ખૂણે રાખો.'' મેં સાંભળ્યું, ''તમારી પીઠ સીધી રાખો. વાળશો નહિ.''

તે ધ્યાનમાં રાખી, મેં અનુભવ્યું કે ખડક સપાટ જમીન જેવા છે અને ચઢવાનું ચાલુ કર્યું. પછી જ્યારે નીચે ઊતરવાનું હતું, જેમાં દોરડાનો ખાસ પ્રકારે ઉપયોગ થાય છે જેને 'રેપલિંગ' (Rapling) કહેવાય છે. મેં તે ડર રાખ્યા વગર કર્યું.



**કહો :**

- તમે ક્યારેય ઝાડ પર ચઢ્યા છો ? તમને કેવું લાગ્યું ? તમને ડર લાગ્યો ? તમે ક્યારેય નીચે પડ્યા છો ?
- તમે ક્યારેય કોઈને નાની દીવાલ પર ચઢતા જોયા છે ?
  તમારા વિચારે દીવાલ ચઢવી અને ખડક ચઢવામાં શું તફાવત છે ?

**એક રમૂજી બનાવ** ફેબ્રુઆરી 14, 1984


સાંજ હતી. ખાનદોન્બીને ભૂખ લાગી હતી. અમારી પાસે કંઈ જ ખાવાનું ન હતું. તે વાડ કૂદીને ખેતરમાં ગઈ. તેણે ઝડપથી બે મોટી કાકડી તોડી અને પાછી આવી. તરત જ એક સ્ત્રી પાછળથી આવી અને તેને તેની બૅગથી પકડી. તે ખાનદોન્બીને પોતાની ભાષામાં કંઈક કહેવા લાગી. અમે તે શું કહી રહી છે તે સમજી શકતા નહોતા. ખાનદોન્બી તેને મિઝો ભાષામાં



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સમજાવવાનો પ્રયત્ન કરતી હતી જે અમે પણ સમજી શકતા ન હતા. મેં હિન્દીમાં સમજાવવા પ્રયત્ન કર્યો. પરંતુ બંનેમાંથી એક પણ ભાષા તે સ્ત્રી સમજતી ન હતી. અંતે મેં મારા હાથ માફી માંગવા જોડ્યા.

એટલામાં અમારું જૂથ ખૂબ જ દૂર જતું રહ્યું. અંધારું થઈ ગયું હતું. મને લાગ્યું અમે રસ્તો ભૂલી ગયા છીએ. હવે અમે સાચે જ ડરી રહ્યા હતા અને અમારી બૅટરીથી પણ રસ્તો જોઈ શકતા ન હતા. ઠંડી હોવા છતાં મને પરસેવો થવા લાગ્યો. મેં ખાનદોન્બીનો હાથ જોરથી પકડી રાખ્યો. મેં મોટેથી બૂમ પાડી, ''તમે બધાં ક્યાં છો ? તમે મને સાંભળી શકો છો ?'' પર્વતોમાં મારા અવાજના પડઘા પડતા હતા. અમે બંને મોટેથી અમારી સિસોટી વગાડવા લાગ્યા અને અમારી બૅટરીનો પ્રકાશ ફેંકવા લાગ્યા. કદાચ જૂથને ખબર પડી કે અમે ખોવાઈ ગયા છીએ. અમે દૂરથી સિસોટીનો અવાજ સાંભળ્યો અને સંકેત સમજાઈ ગયો. અમે એકબીજાનો હાથ જોરથી પકડ્યો અને રાહ જોવા લાગ્યા. ખાનદોન્બીને લાગ્યું કે અમારે વાત ચાલુ રાખવી જોઈએ. તેણે મિઝો ભાષામાં ગીત ગાવાનું ચાલુ કર્યું. થોડા સમય પછી અમે જૂથના સભ્યોને અમારી તરફ આવતા જોયા. અંતે અમે ફરી જૂથ સાથે હતા.





**કહો :**

- તમારા વર્ગમાં કોઈ એવું છે જેની ભાષા તમને સમજાતી નથી અથવા તે તમારી ભાષા સમજતા નથી ? તમે આવી સ્થિતિમાં શું કરો છો ?
- તમે ક્યારેય તમારો રસ્તો ભૂલી ગયા છો ? પછી તમે શું કર્યું ?
- તમારા વિચારે ખાનદોન્બીએ કેમ મોટેથી ગીત ગાયું હશે ?
- તમે કોઈને ડરથી બચવા કંઈ ખાસ કરતાં જોયા છે ? શું અને ક્યારે ?



**પ્રયાસ કરો :**

- તમારા મિત્રને બોલ્યા વગર પુસ્તક અંગે પૂછો. વર્ગમાં આવી જ રીતે કશુંક સમજાવવા પ્રયત્ન કરો.

**એક ખાસ મહેમાન** ફેબ્રુઆરી 15, 1984

રાત્રિભોજન બાદ અમે ખાસ મહેમાન 'બચેન્દ્રી પાલ'ને મળ્યા. તે હમણાં જ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

માઉન્ટ એવરેસ્ટ ચઢવાની ટુકડીમાં પસંદગી પામ્યાં છે. તેઓ બ્રિગેડિઅર જ્ઞાનસિંઘના આશીર્વાદ લેવા આવ્યા હતા. તે સાંજ  ખુશીની હતી, અમે ગીતો ગાતાં હતાં. બચેન્દ્રી પણ અમારી સાથે પ્રખ્યાત પહાડી ગીત, 'બેડુ પાકો, બારામાસા, કફલ પાકો ચૈતા, મેરી છૈલા' ગાવામાં અને તેના પર નૃત્ય કરવામાં જોડાયાં. તે સમયે અમને ખબર ન હતી કે બચેન્દ્રી પાલ ભારતની માઉન્ટ એવરેસ્ટ ચઢવાવાળી પ્રથમ મહિલા બનશે અને ઇતિહાસનું સર્જન કરશે.

## બરફમાં છાવણી

ફેબ્રુઆરી 18, 1984

અમે 2134 મીટરની ઊંચાઈએ ઊભા હતા. અમારે રાત્રિ અહીં વિતાવવાની હતી. દરેક જણ તંબુ બાંધવામાં વ્યસ્ત હતા. અમે તંબુ માટે અને પાથરવા માટે બે પડની પ્લાસ્ટિક ચાદરનો ઉપયોગ કર્યો અને ખીલાઓ મારી તંબુ લગાવવા લાગ્યા. જેમ-જેમ અમે એક બાજુથી તેને બાંધતા તરત જ બીજી બાજુથી પવન તેને ઉડાડી દેતો. ખૂબ જ ખેંચતાણ પછી, અમે તંબુ બાંધી શક્યા. પછી અમે તંબુની આસપાસ ખાડો ખોદ્યો.



અમને ખૂબ ભૂખ લાગી હતી. અમે ચૂલો બનાવવા માટે લાકડાં, પથ્થરો તથા અન્ય સામગ્રી શોધ્યાં અને ખોરાક રાંધ્યો. જમ્યા પછી છાવણીની આસપાસનો કચરો ભેગો કરી બૅગમાં ભર્યો. ઝડપથી અમે અમારી સૂવાની બૅગમાં ગયાં. હું તેમાં સૂઈ શકીશ કે નહિ તેના વિશે ચોક્કસ ન હતી. તે આરામદાયક હશે ? શું તેમાં ઠંડી નહિ લાગે ? પરંતુ તે બૅગ મુલાયમ પીંછાંઓથી ભરેલી હતી, જે અમને ગરમ રહેવામાં મદદ કરે. અમે બધાં ખૂબ જ થાકી ગયાં હતાં એટલે પડતાંવેંત અમે સૂઈ ગયાં.



**શિક્ષક માટે :** બાળકોને તેમના મિત્રો બોલતા હોય તે ભાષા શીખવા પ્રેરિત કરી શકાય. આ બાબત તેઓને બીજી ભાષાઓની પ્રશંસા અને સમ્માન કરવામાં મદદ કરશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સવારે અમે ઊઠ્યાં અને જોયું તો બરફ પડતો હતો. સફેદ મુલાયમ બરફની પતરીઓ નરમાશથી પડતી હતી. વાહ ! કેટલું સુંદર ! છોડ, વૃક્ષો, ઘાસ અને પર્વતો બધું જ સફેદ દેખાતું હતું. આજે અમારે 2700 મીટરની ઊંચાઈએ ચઢવાનું હતું. અમે લાકડીની મદદથી બરફમાં સાવધાનીપૂર્વક ચાલતા હતા. તે ખૂબ જ મુશ્કેલીભર્યું હતું, કારણ કે અમે લપસતા જતા હતા. તેમ છતાં પણ બપોરે અમે બરફથી છવાયેલા પર્વતો પર પહોંચ્યા. અમે એકબીજા ઉપર બરફના ગોળા બનાવી ફેંકવાની અને બરફનો માણસ બનાવવાની મજા માણી.



## છાવણીનો છેલ્લો દિવસ

ફેબ્રુઆરી 21, 1984

અમે 'કૅમ્પફાયર'ની તૈયારી કરતાં હતાં. દરેક જૂથે કાર્યક્રમ રજૂ કર્યા. અમે કૅમ્પફાયરમાં જૉક્સ પર હસીને, ગાઈને તેમજ નૃત્ય કરીને મજા માણતાં હતાં. મધ્યરાત્રિ થઈ. બ્રિગેડિઅર જ્ઞાનસિંઘ ઊભા થયા અને મને બોલાવી. મેં વિચાર્યું, અરે! હવે મેં શું કર્યું ? પરંતુ જ્યારે સાહેબે મારું નામ 'સૌથી સારા પ્રદર્શન' માટે જાહેર કર્યું, હું સ્થિર ઊભી જ રહી ગઈ. તેમણે મને આશીર્વાદ આપ્યા અને મારા ગાલ પર ખુશીનાં આંસુ આવવા લાગ્યાં.



### ચર્ચા કરો :

- તમારા મતે તંબુની આજુબાજુ ખાડો કેમ ખોદવામાં આવ્યો ?
- પર્વતારોહણ સિવાય, બીજી કઈ પ્રવૃત્તિઓ સાહસિક ગણી શકાય ? કેમ ?



કલ્યાણી રઘુનાથન્

**શિક્ષક માટે :** આ ડાયરીના પાનાં સંગીતા અરોરાના હકીકતમાં થયેલા અનુભવો પર આધારિત છે. તે શાલિમાર બાગ, દિલ્લી કેન્દ્રીય વિદ્યાલયમાં ભણાવે છે અને આ પર્યાવરણના પાઠ્યપુસ્તકના લેખકોમાંના એક છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કલ્પના કરો અને લખો :

- તમે પર્વત ઉપર છો. તમે ત્યાં કેવો અનુભવ કરો છો ? તમે શું જોઈ શકો છો ? તમને ત્યાં શું કરવું પસંદ છે ?

### પર્વતની ટોચ પર એકલા

પર્વતોમાં રહેતી બાર વર્ષની છોકરી શાળાની પિકનિકમાં બહાર આવી. તેણે તેના મિત્રો સાથે 4000 મીટર પર્વતની ટેકરી પર ચઢાણ કર્યું. છોકરીઓએ આ સાહસ મજા માટે કર્યું. જલ્દી અંધારું થઈ ગયું અને તેઓ નીચે આવી શક્યા નહિ. તે ઠંડી અને ડરામણી રાત હતી. તેઓ કોઈ પણ ખોરાક વગર એકલા હતા અને તે લાંબી રાત્રિ હતી. આ બચેન્દ્રી પાલ જોડે બન્યું હતું, જ્યારે તે નાની છોકરી હતી.

બચેન્દ્રી પાલ ઉત્તરાખંડના ગઢવાલ વિસ્તારના નાકુરી ગામમાં મોટા થયાં હતાં. મોટા થયા પછી જ્યારે તે ઉત્તર કાશીની નહેરુ પર્વતારોહણ સંસ્થામાં જોડાયાં, ત્યારે તેમના માર્ગદર્શક બ્રિગેડિઅર જ્ઞાનસિંઘ હતા. તેમણે તેમની તાલીમ સારી રીતે લીધી. તેમણે મહિલા પર્વતારોહણ અભ્યાસક્રમમાં મહિલાઓને તાલીમ આપવાનું ચાલુ કર્યું. 1984માં બચેન્દ્રી માઉન્ટ એવરેસ્ટ ચઢાણ ટુકડીના સભ્ય તરીકે પસંદગી પામ્યાં.

### બરફનું તોફાન

અઢાર સભ્યોની ટીમમાં સાત મહિલાઓ હતી. 15 મેની રાત્રે આખી ટીમ 7300 મીટરની ઊંચાઈ ચઢી થાકી હતી. ટીમે તેમના તંબુ બાંધ્યા અને સૂઈ ગયાં. મધ્ય રાત્રિની આસપાસ તેઓએ મોટો ધડાકો સાંભળ્યો અને પછી પછડાટનો અવાજ સાંભળ્યો. તેઓ જાગે તે પહેલા તંબુ ઊડી ગયા અને કંઈક ખૂબ ભારે તેમને અથડાયું. તે ખૂબ જ ભયંકર બરફનું તોફાન હતું. બચેન્દ્રી બરફમાં લગભગ આખી દટાઈ ગઈ હતી અને તેને માથામાં ઈજા થઈ હતી. ટીમના અન્ય સભ્યોને પણ ઈજા થઈ હતી. બીજાઓએ બરફની લાકડી અને કુહાડીથી બરફ ખોદી બધાંને બહાર કાઢ્યા.

બાકીના બધા ટીમના સભ્યો છાવણીમાં પાછા આવ્યા પરંતુ બચેન્દ્રી આગળ વધી. ધીમે ધીમે પહાડી તરફ ચઢી. બચેન્દ્રીએ 8848 મીટર ઊંચો માઉન્ટ એવરેસ્ટ, જે નેપાલમાં સાગરમથ્થા કહેવાય છે ત્યાં 23મી મેના બપોરે 1 કલાક અને 7 મિનિટે પગ મૂક્યો.

તેમની સાથે ટીમના બીજા સભ્ય પણ હતા. એક જ સમયે પહાડીની ટોચ પર બે જણા ઊભા રહી શકે તેમ ન હતું. કોઈ સરકે તો તેઓ હજારો ફૂટ નીચે આવે. બચેન્દ્રી અને તેના સાથીએ બરફમાં ખાડો કર્યો અને કુહાડી સ્થિર બરફમાં ખોડી દીધી. તેનો કડીની જેમ ઉપયોગ કરી, તેઓએ પોતાને દોરડા સાથે બાંધ્યાં. ત્યારબાદ જ તેઓ બંને ત્યાં ઊભા રહી શક્યા. તે ઠંડીથી ધ્રુજતા હતા, પરંતુ સફળ થયાની હૂંફ અનુભવતા હતા. તેમણે તેમનું માથું નમાવ્યું, ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને ફોટોગ્રાફ લીધા. તેમણે દુનિયાની સૌથી ઊંચી પહાડી પર તેતાલીસ મિનિટ વિતાવી.

બચેન્દ્રી પાલ માઉન્ટ એવરેસ્ટની ટોચ પર ચઢનાર પ્રથમ ભારતીય મહિલા અને દુનિયાની પાંચમી મહિલા બન્યાં.

**શિક્ષક માટે :** જો શક્ય હોય, તો ફોટોગ્રાફ લાવી શકો અથવા પર્વતારોહણનાં સાધનો જેવા કે કડી, ખીલાઓ (pitons-પિટોન્સ), ખીલાવાળા ગમબૂટ, દોરડાં, સૂવાની બૅગ, ઑક્સિજનના સિલિન્ડર વગેરે ઉપલબ્ધ કરાવી શકો. આ બધું બાળકો સાથે ચર્ચામાં મદદરૂપ થશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





### વિચારો :

- બચેન્દ્રીએ પહાડી પર ભારતનો રાષ્ટ્રધ્વજ કેમ ફરકાવ્યો ?
- તમે આપણો રાષ્ટ્રધ્વજ ક્યારે ફરકાવેલો જોયો છે ? આપણા રાષ્ટ્રધ્વજ વિશે માહિતી મેળવો.
- છ-આઠ બાળકોનું જૂથ બનાવો. તમારા જૂથ માટે ધ્વજ બનાવો. તમે ધ્વજ માટે તે ભાત (ડીઝાઈન) શા માટે પસંદ કરી સમજાવો.
- તમે બીજા કોઈ દેશનો રાષ્ટ્રધ્વજ જોયો છે ? ક્યાં ?



### આપણે શું શીખ્યાં

- પર્વત ચઢવો કેમ સાહસભર્યો અને પડકારરૂપ છે ? સમજાવો. જો તમારે પર્વત ચઢવાનો હોય તો તમે કેવી તૈયારી કરશો ? તમે તમારી સાથે શું લેશો ? તમારા પોતાના શબ્દોમાં લખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in